ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ પાસે તાત્કાલિક અસરથી કડક પગલાં લેવાની માંગ

દાહોદમાં દિવાળીના તહેવાર ટાણે જ ખાદ્ય પદાર્થોમાં ગંભીર ભેળસેળનો પર્દાફાશ!

(પ્રતિનિધી) દાહોદ, તા.4

દાહોદમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. દિવાળીના પવિત્ર તહેવાર પર જ્યાં લોકો મીઠાઈઓ વહેંચીને ખુશીઓ ઉજવતા હોય છે, ત્યાં જ દાહોદ શહેરમાંથી ગુણવત્તા વગરની અને ભેળસેળયુક્ત મીઠાઈ વેચાતી હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે.

શહેરની એક પ્રખ્યાત મીઠાઈની દુકાનમાંથી ગુલાબજાંબુ ખરીદીને ખાનાર એક જ પરિવારના ત્રણ સભ્યોની તબિયત અચાનક લથડતા લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

દાહોદ શહેરના એક પરિવારે દિવાળીની ઉજવણી માટે સ્થાનિક વિસ્તારની એક જાણીતી અને પ્રખ્યાત મીઠાઈની દુકાનમાંથી ગુલાબજાંબુ ખરીદ્યા હતા. ઘરે પરિવારના સભ્યોએ ઉત્સાહથી આ ગુલાબજાંબુ ખાધા, પરંતુ ખાવાની સાથે જ તેઓને અસ્વસ્થતા અનુભવાઈ હતી અને જોતજોતામાં ત્રણેય સભ્યોની તબિયત ગંભીર રીતે બગડી ગઈ હતી.આ અચાનક બનેલી ઘટનાથી પરિવારમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને તાત્કાલિક ધોરણે યોગ્ય સારવાર હાથ ધરવામાં આવી હતી.

આ ઘટનાને પગલે પરિવાર અને આસપાસના લોકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.સ્થાનિક નાગરિકો અને પીડિત પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે તહેવારોના સમયે વધુ નફો કમાવાની લાલચે કેટલાક બેજવાબદાર વેપારીઓ લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી રહ્યા છે. આ ગંભીર ઘટના બાદ દાહોદના નાગરિકો માં રોષ છે અને તેઓએ આરોગ્ય વિભાગ તથા ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ પાસે તાત્કાલિક અસરથી કડક પગલાં લેવાની માંગ કરી છે. લોકોની પ્રબળ માંગ છે કે જવાબદાર અધિકારીઓ તુરંત સંબંધિત મીઠાઈની દુકાન પર દરોડા પાડે, ત્યાંથી ખોરાકના નમૂના (સેમ્પલ) લઈને લેબોરેટરીમાં તપાસ મોકલે અને નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત રમનારા દુકાનદાર સામે - કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

દાહોદ જિલ્લાની સબ જેલોમાં સઘન સર્ચ ઓપરેશન

કશું જ શંકાસ્પદ ન મળતાં તંત્રે લીધો રાહતનો શ્વાસ

(પ્રતિનિધી) દાહોદ, તા.4

રાજ્યના ડીજીપી (DGP) ના સત્તાવાર ઈમેઈલ આઈડી પર અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવી મુખ્ય સેન્ટ્રલ જેલોને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેઈલ મળતાં જ સમગ્ર રાજ્યના પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ હતી. આ ધમકીભર્યા મેઈલના પગલે સુરક્ષાના આગોતરા ભાગરૂપે દાહોદ જિલ્લા પોલીસ તંત્ર પણ તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને જિલ્લાની તમામ સબ જેલોમાં એકસાથે સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.દાહોદ જિલ્લા પોલીસ વડાની સૂચનાથી BDDS (બોમ્બ ડિસ્પોઝલ અને ડિટેક્શન સ્ક્વોડ), SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ), રૂરલ પોલીસ તેમજ સબ જેલને ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓની સંયુક્ત ટીમ બનાવીને જેલ પરિસરમાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. આ ઓપરેશન દરમિયાન દાહોદની ડોકી સબ જેલ, દેવગઢ બારીયા સબ જેલ અને ઝાલોદ સબ જેલ ખાતે ખૂણે-ખૂણાની બારીકાઈ થી તપાસ કરવામાં આવી હતી. જેલના બેરેકો, પરિસર તેમજ આસપાસના વિસ્તારોમાં સ્નિફર ડોગ અને મેટલ ડિટેક્ટરની મદદથી સઘન ચેકિંગ હાથ ધરાયું હતું કલાકો સુધી ચાલેલા આ સરપ્રાઈઝ સર્ચ ઓપરેશનના અંતે કોઈપણ પ્રકારની શંકાસ્પદ કે અણબનાવ જેવી વસ્તુ મળી આવી ન હતી, જેથી જેલ પ્રશાસન અને પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

એક આંખ ફૂટી અને મોઢા સહિત હાથ દાઝ્યો

હાલોલ નાવરસડા ગામે વીજ કરંટ લાગતાં વાનર ગંભીર રીતે દાઝ્યો

વન વિભાગના આર.એફ.ઓ. ચંદ્રિકાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ સિદ્ધાંત જીવદયા ટીમે તાત્કાલિક રેસ્ક્યુ કરી સારવાર શરૂ કરી

(પ્રતિનિધી) દાહોદ, તા.4

હાલોલ તાલુકાના વરસડા ગામે વીજ કરંટ લાગવાથી એક કપીરાજ ગંભીર રીતે ઘાયલ થયો હતો. વીજ કરંટની અસર એટલી ગંભીર હતી કે કપીરાજની એક આંખ ફૂટી ગઈ હતી તેમજ મોઢાનો ભાગ અને એક હાથ પણ



ગંભીર રીતે દાઝી ગયા હતા. આ ઘટનાની જાણ મયંકભાઈ વરિયા દ્વારા સિદ્ધાંત જીવદયા ટીમને કરવામાં આવતાં વન વિભાગના આર.એફ.ઓ. ચંદ્રિકાબેન ચૌધરીના માર્ગદર્શન અને નિર્દેશન મુજબ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કપીરાજનું રેસ્ક્યુ કર્યું હતું. કપીરાજની ગંભીર હાલતને ધ્યાનમાં રાખીને એમ્બ્યુલન્સમાં જ તાત્કાલિક દવા-સારવાર શરૂ કરવામાં આવી હતી. આ કામગીરીમાં ડૉક્ટર પ્રિયદતભાઈ પણ એમ્બ્યુલન્સમાં સાથે રહી જરૂરી સારવાર આપી રહ્યા હતા.

ગંભીર રીતે ઘાયલ કપીરાજનો જીવ બચાવવા માટે સિદ્ધાંત જીવદયા ટીમ અને તબીબ દ્વારા તાત્કાલિક સારવારના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

કાલોલના સગનપુરા ગામનો બનાવ

વન વિભાગના પાંજરામાં દીપડો પુરાયો ગ્રામજનોએ લીધો રાહતનો શ્વાસ

(પ્રતિનિધી) કાલોલ, તા.4

કાલોલ તાલુકાના સગનપુરા ગામે છેલ્લા કેટલાક દિવસોથી દીપડાની અવરજવર જોવા મળતાં સમગ્ર ગ્રામજનોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ સર્જાયો હતો. ગામ નજીક આવેલ નદી કિનારાના ડુંગર વિસ્તારમાં દીપડાની ચહલપહલ વધતાં સ્થાનિક રહીશો અને ખેડૂતો પોતાની સુરક્ષાને લઈને ચિંતિત બન્યા હતા. આ અંગેની જાણ થતાં જ વન વિભાગે તાત્કાલિક હરકતમાં આવીને વિસ્તારમાં પેટ્રોલિંગ



તેજ કર્યું હતું. ગ્રામજનોની સુરક્ષાને ધ્યાને રાખીને વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે વ્યૂહાત્મક રીતે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. દરમિયાન, વન વિભાગની ટીમ દ્વારા મુકાયેલા પાંજરામાં આખરે દીપડો પુરાઈ જતાં વન વિભાગે રાહત અનુભવી હતી.

દીપડો પાંજરે પુરાયાના સમાચાર વાયુવેગે ગામમાં પ્રસરી જતાં છેલ્લા કેટલાક સમયથી ભયના ઓછાયા હેઠળ જીવતા સગનપુરાના ગ્રામજનોએ હાસકારો અનુભવ્યો છે અને વન વિભાગની કામગીરીની સરાહના કરી છે.

ઈન્દોર અમદાવાદ હાઈવે ગરબાડા ચોકડી પાસેનો બનાવ

ડિવાઈડર વચ્ચેથી ૫૦ વર્ષીય પ્રૌઢની લાશ મળી આવતાં ચકચાર

પોલીસે બનાવની નોંધ લઇ લાશને પીએમ માટે મોકલી આપી છે

(પ્રતિનિધી) દાહોદ, તા.4

દાહોદ-ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર આવેલી ગરબાડા ચોકડી નજીક આજે રોડના ડિવાઈડર વચ્ચેથી એક ૫૦ વર્ષીય પ્રૌઢનો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે ગરબાડા ચોકડી પાસેથી પસાર થતાં રાહદારીઓની નજર ડિવાઈડર વચ્ચે પડેલી એક વ્યક્તિ પર જતાં આ અંગે પોલીસને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતાં જ સ્થાનિક પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક પ્રૌઢની ઓળખ અશ્વિનભાઈ છોટાલાલ દેવડા (ઉં.વ. ૫૦, રહે. સહકારનગર, દાહોદ) તરીકે થઈ છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી છે. પ્રૌઢનું મોત અકસ્માતે થયું છે કે અન્ય કોઈ કારણોસર, તે અંગે પોલીસે તપાસ હાથ ધરી PM માટે મોકલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે આમ સમગ્ર મામલે પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ બનાવની હકીકત બહાર આવે તેવુ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

વિવિધ સરકારી વિભાગો વચ્ચે પરસ્પર યોગ્ય સંકલન સ્થાપિત કરાયું

દેવગઢ બારીયા ખાતે પૂર સંચાલન અંગે સફળ મોકડ્રિલ યોજાઈ

(પ્રતિનિધી) દાહોદ,, તા.4

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદની રાહબરી હેઠળ અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા સ્થિત માનસરોવર પરિસરમાં પૂર સંબંધિત આપત્તિના નિવારણાર્થે સંયુક્ત મોક અભ્યાસ (Joint Mock Exercise) નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

એન.ડી.આર.એફ. બટાલિયન, ૬-જરોદ (વડોદરા) ના સહયોગથી યોજાયેલા આ મોક અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય આપત્તિના સમયમાં તંત્રની સજ્જતા ચકાસવાનો અને વિવિધ સરકારી વિભાગો વચ્ચે



પરસ્પર યોગ્ય સંકલન સ્થાપિત કરવાનો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે દેવગઢ બારીયા પ્રાંત અધિકારી એચ.બી.ભગોરા, પોલીસ અધિક્ષક એ.કે. રાજપુત, એમ.જી.વી.સી.એલ.ના નાયબ ઈજનેર જી.વી. બામણિયા, મુખ્ય જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ, મામલતદાર એસ.ડી. પટેલ, ડિઝાસ્ટર મામલતદાર આર.એચ. શેખ, નાયબ મામલતદારશ્રી કે.કે. તડવી, જિલ્લા પ્રોજેક્ટ ઓફિસર જયેશકુમાર જી. લુહાર, ઈન્ચાર્જ નાયબ મામલતદાર એન.એલ. કટારા, ફાયર ઓફિસર મયુરસિંહ ચૌહાણ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના મેનેજર સહિતના સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ઉત્કૃષ્ટ સંકલન સાથે સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

ત્રણ કામદારો દાઝ્યા : ફાયર ફાયટરોની ટીમો દોડી પહોંચી

પાનોલી GIDCની સુપ્રીમ પેટ્રોકેમ કંપનીમાં ભીષણ આગથી અફરાતફરી

(પ્રતિનિધી) અંકલેશ્વર, તા.4

અંકલેશ્વર પંથકમાં ઔદ્યોગિક એકમોમાં આગ લાગવાની ઘટનાઓનો સિલસિલો યથાવત્ રહેવા પામ્યો છે. સતત બીજા દિવસે ઔદ્યોગિક વિસ્તારમાં આગની ગંભીર ઘટના સામે આવી છે. પાનોલી જીઆઈડીસીમાં આવેલી સુપ્રીમ પેટ્રોકેમ કંપનીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં ભારે દોડધામ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ત્રણ કામદારો દાઝી જતાં તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, કંપનીમાં ઓઈલ ડિસ્ટિલેશનની કામગીરી દરમિયાન અચાનક ગેસ ઉત્પન્ન થયા બાદ બ્લાસ્ટ થતાં આગ ફાટી નીકળી હોવાની પ્રાથમિક આશંકા વ્યક્ત કરવામાં આવી



રહી છે. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાઈ હતી. જેને પગલે આસપાસની કંપનીઓમાં પણ ચિંતાનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં પાનોલી ફાયર વિભાગ સહિતની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી.

બાગાયત વિભાગ હેઠળ સ્વરોજગાર લક્ષી નર્સરી યોજનાની રૂ. ૨.૬૬ લાખની મળી સહાય

અંતેલા ગામના ભરતભાઈ પટેલ આધુનિક ખેતી પદ્ધતિથી બન્યા આત્મનિર્ભર

(પ્રતિનિધી) દાહોદ, તા.૪

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના અંતેલા ગામના લાભાર્થીશ્રી ભરતભાઈ પટેલને બાગાયત વિભાગ હેઠળ સ્વ રોજગારલક્ષી નર્સરી સ્થાપવા માટે રૂ. ૨.૬૬ લાખની સહાય મળી છે. આ સહાયથી તેઓ આજે વિવિધ પ્રકારના રોપાનું વાવેતર કરીને નર્સરીના સફળતાપૂર્વક સંચાલન થકી આત્મનિર્ભર બન્યા છે. લાભાર્થીશ્રી ભરતભાઈ પટેલને અસરકારક પ્રાકૃતિક ખેતી કરવા બદલ જિલ્લા કક્ષાના બેસ્ટ આત્મા



ફાર્મર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. અને રાજ્ય કક્ષાએ તેઓને ૨૫,૦૦૦ હજારનો ચેક અને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભરતભાઈ પટેલે કહ્યું હતું કે, અગાઉ તેઓ ખુલ્લા ખેતરમાં ખેતી કરતા હતા. તે સમયે રોપાનું વાવેતર કર્યા બાદ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

ઘણીવાર રોપા સુકાઈ જતા હતા તેમજ પશુઓ દ્વારા નુકસાન થતું હોવાથી વાવેતરની આર્થિક નુકસાનની વેઠવાનો વારો આવતો હતો. વધુમાં તેમણે કહ્યું કે, આ નર્સરીમાં શાકભાજીના રોપા જેવા કે ટામેટા, મરચા,રીંગણ, કોબીજ, ફલાવર,ગલકા, સહિતના રોપા તૈયાર કરીએ છીએ. જેમાં સારૂ વાતાવરણ મળવાથી ઝડપથી વિકાસ પામે છે.

દાહોદના દ્રષ્ટિ નેત્રાલયમાં આપાતકાલીન સેવા શરૂ કરાઈ

દિવાળીના પર્વે નાના બાળકો અને વડીલોને ફટાકડાના ધુમાડાથી દૂર રાખવા જોઇએ

(પ્રતિનિધી) દાહોદ, તા.૪

દ્રષ્ટિ નેત્રાલય ચાકલીયા રોડ દાહોદ ખાતે દિવાળી પર્વે આંખમાં ઈજા પામેલાઓની સારવાર કરવામાં આવશે દિવાળી આનંદ તેમજ હર્ષોલ્લાસ નો તહેવાર છે આ તહેવારમાં લોકો ફટાકડા દારૂખાનું તેમજ રોકેટ ફોડી આનંદ માણતા હોય છે દાહોદ જિલ્લામાં દિવાળી પર્વ ની ઉજવણી અન્ય શહેરો કરતા વિશિષ્ટ રીતે કરવામાં આવે છે તેમાંય અમુક સ્થળો એ સામ સામે રોકેટ કે અન્ય ફટાકડા થી આંખમાં ઈજા થવાના બનાવ બનતા હોય છે

ફટાકડા નો દારૂ ગોળો તેમજ કેમિકલ આંખમાં જતા આંખને નુકસાન થાય છે દિવાળી પર્વે આંખમાં ઈજા થાય તો સારવાર મળી રહે તે માટે દ્રષ્ટિ નેત્રાલય ચાકલિયા રોડ દાહોદ ખાતે તારીખ 8 રવિવાર તેમજ 9 સોમવાર 10 મંગળવાર ના રોજ 24 કલાક માટે આપાતકાલીન ઈજા વિભાગ ચાલુ કરવામાં આવનાર છે જેમ દ્રષ્ટિ નેત્રાલય ડાયરેક્ટર ડોક્ટર શ્રેયાબેન શાહ દ્વારા સગવડ નો જનતા ને લાભ લેવા જણાવાયું છે

હાલોલથી ઘરે જઈ રહેલા સુરેશભાઈ રાઠવાને નડ્યો અકસ્માત

છાજ દિવાળી નજીક બે બાઈક વચ્ચે સામસામે ભીષણ ટક્કર, બંને ચાલકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત

25 વર્ષીય જગદીશ રાઠવા સહિત બંનેને વધુ સારવાર માટે રેફર કરાયા

(પ્રતિનિધી) શિવરાજપુર, તા.4

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં પાવાગઢ-શિવરાજપુર રોડ પર આવેલા છાજ દિવાળી નજીક બે બાઈક વચ્ચે સામસામે જોરદાર અકસ્માત સર્જાતાં બંને બાઈકચાલકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળાં એકત્ર થઈ ગયાં હતાં. રસ્તા પરથી પસાર થતા વાહનચાલકોએ માનવતા દાખવી તાત્કાલિક ઈજાગ્રસ્તોની મદદ કરી 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી.



પ્રાપ્ત વિગતો અનુસાર, પાણી માઈન્સ, કદવાલ તાલુકાના રહેવાસી સુરેશભાઈ રાઠવા હાલોલથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન પાવાગઢ-શિવરાજપુર રોડ પર છાજ દિવાળી નજીક સામેથી આવી રહેલી અન્ય એક બાઈક સાથે તેમની બાઈકની સામસામે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે બંને બાઈકચાલકો રસ્તા પર પટકાયા હતા અને શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતનો બનાવ બનતાં આસપાસથી પસાર થઈ રહેલા વાહનચાલકો અને સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. લોકોએ ઈજાગ્રસ્તોને રસ્તા પરથી સુરક્ષિત રીતે મદદ પહોંચાડવા સાથે 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

હિમ્મત કેમ થઈ દરવાજો ખખડાવવાની' કહી શેરપુરામાં ટપાલી ઉપર હુમલો

જીવ બચાવવા આસિસ્ટન્ટ બ્રાંચ પોસ્ટ માસ્ટર ભાગ્યો, પરંતુ પીછો કરી હુમલાખોરે શર્ટ ફાડી નાંખ્યું

(પ્રતિનિધી) ભરૂચ, તા.4

ભરૂચના શેરપુરા ગામે ટપાલની વહેંચણી કરવા ગયેલા આસિસ્ટન્ટ બ્રાંચ પોસ્ટ માસ્ટર પર એક શખ્સે હુમલો કરી માર મારતાં ચકચાર મચી છે. આ મામલે ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ભરૂચના લાલબજાર વિસ્તારમાં રહેતા અને મૂળ સાબરકાંઠાના આકાશકુમાર હસમુખભાઈ દવે છેલ્લા બે વર્ષથી પોસ્ટ વિભાગમાં ફરજ બજાવે છે. ગત તા. 3 નવેમ્બરના રોજ તેઓ શેરપુરા અને ઉમરાજ ગામે ટપાલ વહેંચવા ગયા હતા. શેરપુરાના વાડી ફળિયામાં ટપાલ આપવા એક મકાનનો દરવાજો ખખડાવતાં ઘરમાંથી બહાર આવેલા સલમાનભાઈએ ટપાલ પોતાની ન હોવાનું કહી દરવાજો ખખડાવવા બદલ ઉગ્ર બોલાચાલી કરી હતી.

પોસ્ટમેન દ્વારા આઈ-કાર્ડ બતાવી ઓળખ આપ્યા છતાં આરોપીએ છાતીના ભાગે ઢીક્કાપાટુનો માર મારી સિરામિકની ટાઈલથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. પોસ્ટમેન મોપેડ મૂકીને ભાગતાં આરોપીએ પીછો કરી મદ્રેસા પાસે ફરી માર માર્યો હતો. તેમનું ટી-શર્ટ અને સરકારી ડિલિવરી સ્લિપ પણ ફાડી નાખી હતી. ઉપરાંત ગામમાં ફરી ટપાલ આપવા આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે સલમાનભાઈ વિરુદ્ધ ગુનો નોંધી પીએસઆઈ એમ.એસ. ડાંગરએ તપાસ હાથ ધરી છે.

ભજન સંધ્યા, સંતોના આશીર્વચન અને આધ્યાત્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા

પાવાગઢમાં આચાર્ય વિજય ઈન્દ્ર દિન્નસૂરીશ્વરજી મહારાજનો ૧૦૪મો જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

(પ્રતિનિધી) જાંબુઘોડા, તા.૪

શક્તિ, શ્રદ્ધા અને સાધનાની પવિત્ર ભૂમિ પાવાગઢ ખાતે પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ સાહેબના ૧૦૪મા જન્મોત્સવ નિમિત્તે ભવ્ય ભજન સંધ્યા અને આધ્યાત્મિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં જૈન શ્રાવકો, શ્રદ્ધાળુઓ, સંતો, મહાનુભાવો તથા આસપાસના વિસ્તારના ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પાવન પ્રસંગે સંતદર્શન, સત્સંગ અને સંસ્કારના માધ્યમથી સમાજમાં આધ્યાત્મિક ચેતના, અહિંસા, કરુણા અને માનવકલ્યાણનો સંદેશ આપવામાં આવ્યો હતો.



આચાર્ય ભગવંત ઈન્દ્રદિન્નસૂરીશ્વર મહારાજ જીવન જ્ઞાન, તપ, કરુણા, અહિંસા, સાધર્મિક ભક્તિ અને સમાજસેવાનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. પાવાગઢ જૈન તીર્થના જીર્ણોદ્ધાર, ધાર્મિક વિકાસ, શિક્ષણ, કન્યા શિક્ષણ, સાધર્મિક ભક્તિ અને ગ્રામ્ય સમાજમાં વ્યસનમુક્તિ માટે તેમણે કરેલા પ્રયાસોનું આ પ્રસંગે વિશેષ સ્મરણ કરવામાં આવ્યું હતું. તેમની પ્રેરણાથી પાવાગઢ અને આસપાસના વિસ્તારોમાં અહિંસા, સદાચાર, નવકાર મંત્ર, રાત્રિભોજન ત્યાગ અને વ્યસનમુક્ત જીવનના સંસ્કારોનું સિંચન થયું છે. જન્મોત્સવ પ્રસંગે મહાતપસ્વી દેવેન્દ્રવિજયજી મહારાજ માંગલિક આશીર્વાદ પાઠવ્યા હતા. જ્યારે સેવાભાવી મુનિ પૂર્ણચંદ્રવિજય મહારાજ તથા મુનિ પ્રિયંકરસાગરજી મહારાજ ધર્મ, તપ, સેવા અને સદાચાર અંગે માર્ગદર્શન આપ્યું હતું.